નવગુજરાત ટાઈમ્સ દૈનિક,
પાના નં. ૨ તા. ૨૪/૧૦/૨૦૧૮

# ધરમપુર તાલુકામાં એકતા રથયાત્રા યોજાઈ







પ્રતિનિધિ દ્વારા

■ વલસાડ, તા. ૨૩

વલસાડ જિલ્લામાં તા.૨૦મી ઓક્ટોબરથી શરૂ થયેલી એકતા રથયાત્રા ધરમપુર તાલુકાના વિવિધ ગામોમાં ફરી હતી. આ રથયાત્રા ખારવેલ પ્રા. શાળા ખાતે આવી પહોંચતાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ અવસરે સાંસદ ડૉ.કે.સી.પટેલ, ધારાસભ્ય કનુભાઈ દેસાઈ, સરપંચ, શાળાના આચાર્ય, શાળા પરિવાર સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ખારવેલ પ્રાથમિક અને માધ્યમિક શાળાના બાળકોએ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલના જીવન ઉપર આધારિત સી.ડી.નું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમો ગ્રામજનોએ ખૂબ મનભરીને માણ્યા હતા.